ફ્રેન્ચ ઓપન

કોસ્ટ્યુક-એન્ડ્રીવા વચ્ચે સેમી ફાઈનલ જંગ

સબાલેન્કા ઓસાકાને હરાવી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી

સેરેના વિલિયમ્સ પછી સબાલેન્કા સતત 14મી

ગ્રાન્ડસ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશનારી પ્રથમ ખેલાડી

પેરિસ, ાe. 01 જૂન : દુનિયાની ટોચની ખેલાડી આર્યના સબાલેન્કાએ સોમવારે ઓસાકાને 7-5, 6-3 થી હરાવીને ફ્રેન્ચ ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે જ તે ક્લે-કોર્ટ ગ્રાન્ડસ્લેમ જીતવાની વધુ નજીક પહોંચી ગઈ છે, જ્યાં ગયા વર્ષે તે ફાઇનલમાં કોકો ગોફ સામે હારી ગઈ હતી. આ સાથે જ સબાલેન્કા સેરેના પછી સતત 14મી ગ્રાન્ડસ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ખેલાડી બની છે.

રોલા ગેરો ખાતે ત્રણ વર્ષમાં આ પહેલી મહિલા નાઇટ મેચ હતી. ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન્સ વચ્ચેની આ ટક્કરમાં, સબાલેન્કાએ ઓસાકા સામે તેની કારકિર્દીનો રેકોર્ડ સુધારીને 3-1 કર્યો છે. ઓસાકા પહેલીવાર અહીં ચોથા રાઉન્ડમાં રમી રહી હતી. સબાલેન્કા આ મેચ 1 કલાક અને 27 મિનિટમાં જીતી ગઈ હતી.

ક્વાર્ટર ફાઇનલમાં સબાલેન્કાનો સામનો ડાયના શ્નેડર સામે થશે, જેણે સ્પર્ધામાં બાકી રહેલી છેલ્લી અમેરિકન મહિલા ખેલાડી મેડિસન કીઝને 6-3, 3-6, 6-0 થી હરાવી હતી. દિયાન પેરીની પોલેન્ડની 114મી ક્રમાંકિત માજા શ્વાલિન્સ્કા સામે 6-3, 6-2થી હાર થતાં જ ફ્રાન્સની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. કોકો ગોફ, ચાર વખતની વિજેતા ઇગા સ્વાઇટેક અને બીજા ક્રમાંકિત એલેના રાયબાકીના સહિતની ઘણી ટોચની મહિલા ખેલાડીઓ ટૂર્નામેન્ટમાંથી પહેલા જ બહાર થઈ ચૂકી છે.

માર્ટા કોસ્ટ્યુકે યુક્રેનની જ એલિના સ્વિટોલિનાને હરાવીને કેરિયરની પ્રથમ ગ્રાન્ડસ્લેમ સેમીમાં પ્રવેશ કર્યો

રશિયાની મીરા એન્ડ્રીવાએ રોમાનિયાની સોરાના સિર્સ્ટીઆને હરાવીને બીજીવાર ફ્રેન્ચ ઓપનની સેમીમાં

પેરિસ, તા. 02 : આ સિઝનમાં ક્લે કોર્ટ પર શાનદાર ફોર્મમાં રહેલી માર્ટા કોસ્ટ્યુકે ફ્રેન્ચ ઓપનના મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે જ્યાં તેનો સામનો યુવા રશિયન ખેલાડી મીરા એન્ડ્રીવા સામે થશે.

મંગળવારે રમાયેલી અંતિમ આઠ મેચમાં કોસ્ટ્યુકે પોતાના જ દેશની એલિના સ્વિટોલીનાને 6-3, 2-6, 6-2 થી હરાવીને પોતાના કરિયરની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આ જોડી મિત્રો, ટાઇટલ હરીફ અને રાષ્ટ્રીય રમતગમતના આઇકોન છે, અને ઓપન યુગમાં આ પહેલી વાર હતું જ્યારે યુક્રેનનું પ્રતિનિધિત્વ કરતી બે મહિલાઓ સિંગલ્સ મેજરના ક્વાર્ટર ફાઇનલમાં આમને-સામને આવી હતી. કોસ્ટ્યુક વ્યાવસાયિક યુગમાં ફ્રેન્ચ ઓપન સેમિફાઇનલમાં પહોંચનારી પ્રથમ યુક્રેનિયન મહિલા બની. સ્વિટોલીના અન્ય ત્રણેય ગ્રાન્ડ સ્લેમમાં સેમિફાઇનલમાં રમી છે, પરંતુ છઠ્ઠી વખત ફ્રેન્ચ ઓપન ક્વાર્ટરફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી છે.

રશિયાની 19 વર્ષીય એન્ડ્રીવાએ બીજા ક્વાર્ટર ફાઇનલમાં અનુભવી રોમાનિયન ખેલાડી સોરાના સિર્સ્ટીઆને એકતરફી મેચમાં 6-0, 6-3થી હરાવી. ૧૭ વર્ષના વિરામ પછી ફ્રેન્ચ ઓપન ક્વાર્ટર ફાઇનલમાં પહોંચેલી ૩૬ વર્ષીય સિર્સ્ટીઆ શરૂઆતથી જ પોતાની લય શોધવામાં સંઘર્ષ કરી રહી હતી. એન્ડ્રીવાના ચોક્કસ ગ્રાઉન્ડસ્ટ્રોક અને આક્રમક નેટ પ્લે સામે પુનરાગમનના તેના પ્રયાસો અલ્પજીવી રહ્યા. એન્ડ્રીવા બે વર્ષના અંતરાલ પછી બીજી વખત ફ્રેન્ચ ઓપનની સેમિફાઇનલમાં પહોંચી છે. યુદ્ધ સમયની પરિસ્થિતિઓમાં યુક્રેનિયન ખેલાડી સામે રમવા વિશે પૂછવામાં આવતા, એન્ડ્રીવાએ કહ્યું, મારી સામે કોણ છે તેનાથી મને કોઈ ફરક પડતો નથી. હું ફક્ત મારી તરફ આવતા બોલ પર ધ્યાન કેન્દ્રિત કરું છું. હું સંપૂર્ણપણે મારી રમત અને વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરું છું. રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન યુક્રેનની બોલકી સમર્થક કોસ્ટ્યુકનો પ્રવાસ સ્તરે એન્ડ્રીવા સામે 2-0નો રેકોર્ડ છે.

ભારત પોતાના ઘરઆંગણે બનશે મહેમાન, અફઘાનિસ્તાન યજમાન

સપ્ટેમ્બરમાં દિલ્હીમાં રમાનારી ત્રણ મેચની ટી-20 સીરિઝમાં યજમાની અફઘાનિસ્તાન કરશે

પહેલીવાર એવું બનશે કે અફઘાનિસ્તાન ભારત સામેની દ્વિપક્ષિય સીરિઝની યજમાની ભારતમાં જ કરશે

નવી દિલ્હી, તા. 02 : ભારત અને અફઘાનિસ્તાન ચાલુ જૂન મહિનામાં એક ટેસ્ટ અને ત્રણ મેચની વન ડે સીરિઝ રમવાના છે. એકમાત્ર ટેસ્ટ 6 જૂનથી શરૂ થશે, જ્યારે વન ડે સીરિઝ 13 જૂનથી શરૂ થશે. જોકે આ સીરિઝ શરૂ થાય તે પહેલાં મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે કે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સપ્ટેમ્બરમાં ત્રણ મેચની ટી-20ા સીરિઝ પણ રમાઈ શકે છે. અફઘાનિસ્તાન આ સીરિઝની યજમાની કરશે પણ તેની મેચો ભારતમાં જ રમાશે. અર્થાત ભારત પોતાના ઘરઆંગણે મહેમાન બનશે જ્યારે પ્રવાસી ટીમ અફઘાનિસ્તાન યજમાન રહેશે.

એક અહેવાલ મુજબ, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સપ્ટેમ્બરમાં ત્રણ મેચની ટી-20 સીરિઝ અફઘાનિસ્તાનની યજમાની હેઠળ યોજાવાની છે. આ ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. એ નોંધનીય છે કે ભારતે અફઘાનિસ્તાનના ક્રિકેટના વિકાસમાં નોંધપાત્ર મદદ કરી છે. આ પહેલી વાર હશે જ્યારે અફઘાનિસ્તાન દ્વિપક્ષીય શ્રેણીમાં ભારતનું આયોજન કરશે. ભૂતકાળમાં, અફઘાનિસ્તાને ભારતમાં તેમની મેચોમાં યજમાની કરી હતી પણ તે સમયે પ્રવાસી ટીમ બીજી હતી. અફઘાનિસ્તાને ગ્રેટર નોઈડા, દેહરાદૂન અને લખનૌમાં આયર્લેન્ડ અને બાંગ્લાદેશ જેવી ટીમોની યજમાની કરી હતી. પણ હવે તે ભારતની યજમાની ભારતમાં જ કરશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે છેલ્લી ત્રણ મેચની ટી-20ા શ્રેણી જાન્યુઆરી 2024 માં રમાઈ હતી. આ સીરિઝ ભારતમાં યોજાઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ શ્રેણીમાં અફઘાનિસ્તાનને 3-0 થી હરાવ્યું હતું. આ સીરિઝની બેંગલુરુમાં રમાયેલી ત્રીજી ટી-20ા ઘણી રોમાંચક રહી હતી. મેચ સુપર ઓવરમાં ગઈ, જે ભારતે 10 રનથી જીતી લીધી.

ભારતના નેટ પ્રેક્ટિસ સેશન માટે નબી અને પ્રિન્સ સહિત છ નેટ બોલર તરીકે સામેલ

નબી અને પ્રિન્સ ઉપરાંત ઝીશાન અંસારી, શિવાંગ કુમાર, ગુર્જપનીત અને સારાંશ જૈનનો સમાવેશ

સાત દિવસમાં ત્રણ આઇપીએલ મેચ રમનાર સિરાજ અને પ્રસિદ્ધ નેટ પ્રેક્ટિસમાં સંપૂર્ણ બોલિંગ કરી શકતા નથી

મુલ્લાનપુર, તા. 02 (પીટીઆઈ) : જમ્મુ અને કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબી ડારને 6 જૂનથી અહીં શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ભારતના નેટ પ્રેક્ટિસ સત્ર માટે પસંદ કરાયેલા છ બોલરોમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ મેચ માટે ટેસ્ટ ટીમમાં નબીની પસંદગી ન કરવા બદલ પસંદગી સમિતિને ટીકાનો સામનો કરવો પડ્યો.

નબી ઉપરાંત, ઉત્તર પ્રદેશના લેગ-સ્પિનર ઝીશાન અંસારીને પણ નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવ્યો છે, કારણ કે અફઘાનિસ્તાનની ટીમમાં કાંડા સ્પિનર હોવાની શક્યતા છે. નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવેલા અન્ય બોલરોમાં ડાબા હાથના કાંડા સ્પિનર શિવાંગ કુમાર, ડાબા હાથના ઝડપી બોલર ગુર્જપનીત સિંહ, આઈપીએલ ડિસ્કવરી ઝડપી બોલર પ્રિન્સ યાદવ અને ઓફ સ્પિનર સરંશ જૈનનો સમાવેશ થાય છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ એક રિલીઝમાં જણાવ્યું હતું કે, ટેસ્ટ મેચની તૈયારીમાં મદદ કરવા માટે ગુર્જપનીત સિંહ, આકિબ નબી, પ્રિન્સ યાદવ, સરાંશ જૈન, ઝીશાન અંસારી અને શિવંગ કુમારને નેટ બોલર તરીકે ભારતીય ટીમમાં ઉમેરવામાં આવ્યા છે.

અગાઉ, બી સીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે આકિબ નબીને ભારતીય નેટ પ્રેક્ટિસ સત્રમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે. ફક્ત આકિબ જ નહીં, પાંચ અન્ય બોલરોને પણ નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવ્યા છે.

ભારતના બે મુખ્ય ફાસ્ટ બોલર, મહંમદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા, સાત દિવસમાં ત્રણ આઈપીએલ મેચ રમવાને કારણે નેટ પ્રેક્ટિસમાં પોતાનો સંપૂર્ણ પ્રયાસ કરી શકતા નથી. બેટ્સમેનોને પૂરતી પ્રેક્ટિસની જરૂર છે.

ઈન્ડોનેશિયા ઓપન : સિંધુ બીજા રાઉન્ડમાં, શ્રીકાંત, લક્ષ્ય, માલવિકા આઉટ

પુરુષ ડબલ્સમાં હરિહરન-અર્જુનની જોડી જીતી, મહિલા ડબલ્સમાં ગાયત્રી-ત્રિસા અને મિક્ષ ડબલ્સમાં ધ્રુવ-તનિષાની જોડી હારી

જકાર્તા, તા. 02 (પીટીઆઈ) : બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુએ મંગળવારે અહીં સીધી ગેમમાં જીત મેળવીને ઈન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરવા માટે કેટલીક મુશ્કેલ ક્ષણોને પાર કરી, પરંતુ કિદામ્બી શ્રીકાંત અને લક્ષ્ય સેન પ્રથમ રાઉન્ડનો અવરોધ પાર કરવામાં નિષ્ફળ ગયા.

સિંધુએ આ સુપર ૧૦૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સ મેચમાં થાઈલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાનને ૫૧ મિનિટમાં ૨૫-૨૩, ૨૧-૧૬ થી હરાવી. બિનક્રમાંકિત ભારતીય સિંધુનો સામનો બીજા રાઉન્ડમાં ઓલિમ્પિક ચેમ્પિયન અને વિશ્વની નંબર વન ખેલાડી એન સે-યંગ સાથે થઈ શકે છે, જેણે ગયા અઠવાડિયે સિંગાપોર ઓપનના ક્વાર્ટર ફાઈનલમાં તેને હરાવી હતી.

શ્રીકાંત પુરુષ સિંગલ્સના પહેલા રાઉન્ડમાં જાપાનના યુશી તનાકા સામે ૧૯-૨૧, ૧૫-૨૧થી જ્યારે લક્ષ્યને પહેલા રાઉન્ડમાં ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે ૧૯-૨૧, ૧૬-૨૧થી હારનો સામનો કરવો પડ્યો હતો મહિલાઓમાં, માલવિકા બંસોડે પણ પહેલા રાઉન્ડમાં જ થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવોંગ સામે 21-12, 21-10 થી સરળતાથી હારનો સામનો કરવો પડ્યો.

મેન્સ ડબલ્સમાં, હરિહરન અમસાકરુનન અને એમઆર અર્જુને નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને તાન વી કિઓંગની ઉચ્ચ ક્રમાંકિત મલેશિયન જોડીને 21-18, 21-10થી હરાવી. જોકે, મહિલા ડબલ્સમાં, ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદ ઈન્ડોનેશિયન જોડી ફેબ્રિઆના દ્વિપુજી કુસુમા અને મેલિસા ટ્રાયસ પુસ્પિતાસારી સામે ૧૪-૨૧, ૧૨-૨૧થી જ્યારે મિક્ષ ડબલ્સમાં, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી પણ પહેલા રાઉન્ડમાં ગુઓ ઝિન વા અને ચેન ફેંગની છઠ્ઠી ક્રમાંકિત ચીની જોડી સામે ૧૧-૨૧, ૧૦-૨૧થી હારીને બહાર થઈ હતી.

કોહલી અનુષ્કા સાથે પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાતે પહોંચ્યો



કોહલી અને અનુષ્કા માથે ચંદનનો લેપ અને કપાળ પર ત્રિપુંડ સાથે આશ્રમમાંથી બહાર આવતા દેખાયા

મથુરા, તા. 02 (પીટીઆઈ) : સતત બીજા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)ને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ટ્રોફીમાં વિજેતા બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર માજી કેપ્ટન વિરાટ કોહલી, તેની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા સાથે, મંગળવારે વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના આશ્રમ પહોંચીને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા પછી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આશ્રમના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને માસ્ક પહેરીને સવારે લગભગ 7 વાગ્યે કાર દ્વારા વૃંદાવન પરિક્રમા માર્ગ પર શ્રીહિત રાધા કેલી કુંજ આશ્રમ પહોંચ્યા, સંતની મુલાકાત લીધી અને તેમના આશીર્વાદ મેળવ્યા. તેઓ લગભગ બે કલાક ત્યાં રહ્યા.

જ્યારે તેઓ આશ્રમના એકાંત સભાખંડમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેઓએ સંતોની જેમ જ ચંદનનો લેપ અને કપાળ પર ત્રિપુંડ્રનું ચિહ્ન લગાવ્યું. તેમને આશ્રમ તરફથી ભેટ તરીકે એક પુસ્તક પણ મળ્યું, જે તેઓ પોતાની સાથે લઈ ગયા.

તેમણે સ્વામી હિત ગોવિંદ શરણના આશ્રમની પણ મુલાકાત લીધી અને તેમને મળ્યા. તેઓ અગાઉ એપ્રિલમાં અક્ષય તૃતીયા નિમિત્તે વૃંદાવનની મુલાકાતે ગયા હતા.

સુડોકુ - ૬૫૩૯

૫	૮		૭	૨			૯	
	૩	૪	૯	૮			૬	૧
૬		૯	૧				૫	
૪	૨	૮				૫	૧	૭
	૫					૮		૬
		૩					૨	૯
૩			૪		૧	૬	૮	૨
૮	૪	૬					૭	૩
૭		૨		૩	૮		૪	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૮	૬	૭	૨	૩	૧	૯	૪
૭	૩	૪	૯	૮	૫	૬	૨	૧
૬	૧	૯	૧	૪	૨	૮	૫	૭
૪	૨	૮	૩	૫	૬	૧	૭	૯
૯	૫	૧	૨	૭	૪	૮	૩	૬
૧	૬	૩	૮	૯	૧	૨	૯	૫
૩	૯	૨	૬	૧	૮	૫	૪	૩
૮	૪	૬	૫	૩	૭	૯	૧	૨
૭	૧	૫	૪	૬	૯	૩	૮	૨

૧૯૮૬-૭૬૭૭ ક્વીડફિ

આજનું પંચાંગ

તા.03/06/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: વદ: ત્રીજ : 21:22 સંક્ષ્ટ ચતુર્થી
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 13
યોગ : શુભ **કરણ:** વણિજ
નક્ષત્ર : પૂ.ષા:25:00
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 05:58
સુરતમાં સૂર્યાસ્ત : 19:15
નવકારસી : 06:46
પારસી વર્ષ : 1395 દયે માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 16મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): સતત વ્યસ્ત રહેવાનું બનશે. નવી જવાબદારી અને ઘરનાં કામ વધે. નોકરીમાં મદદ મળતી રહે.
વૃષભ (બ,વ,ઉ,): ઉધાર લેવા દેવાનું ટાળવું. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. પોલીસ લફરાથી બચવું.
મિથુન (ક,છ,ઘ,): તમારા કામની કદર થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. સંતાન ચિંતા રહે.
કર્ક (ડ,હ,): આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડશે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. આવક વધે.
સિંહ (મ,ટ,): મનોરંજન પ્રવાસ થાય. જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે. ધાર્મિક પ્રવાસ થાય.
કન્યા (પ,ઠ,ણ,): અચાનક લાભ થાય. ઉઘરાણી આવી શકે છે. નોકરીમાં લાલચથી બચવું. ખર્ચા વધશે.
તુલા (ર,ત,): ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. રોજની આવક વધે. સામાજિક કામમાં યશ મળે.
વૃશ્ચિક (ન,ય,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. હિત શત્રુઓથી સાવધાન વાણી પર કાબૂ રાખવો.
ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં અનુકૂળતા રહે. આવક વધારવાની યોજના બને. સંતાનોના કામમાં મદદ મળે.
મકર (ખ,જ,): નવા વાહનની યોજના બને. બહારનાં કામનો બોજ વધે. ઘરમાં નવા ફેરફાર થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): જીવનસાથી ભાઈ, બહેન-મિત્રોની મદદથી નવા કામની શરૂઆત અનુકૂળ રહે.
મીન (દ,ચ,ઝ,થ,): આવક વધારવાનાં સાધનો વધે. શુભ સમાચાર મળે. ઘરમાં તાલમેળ રહે. વિવાદ ટાળવો.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 03 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી તક તથા ટેકનોલોજી અને સ્થાનફેર થાય. નવું શીખવા મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. ઉચ્ચશિક્ષમમાં સાવધાનીપૂર્વક મહેનત કરવી પડે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. સમાજમાં માન વધે તેમજ સામાજિક કામની જવાબદારી મળે ઘર પરિવારની અપેક્ષાઓ કામનો બોજ વધારે નોકરી ધંધા વ્યવસાયમાં હરીફો સતાવેશ. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરી તથા પોલીસને લગતાં કામથી દોડ-ધામ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. મિત્રો-વડીલોની મદદ સંતાન અને સામાજિક કામમાં મળે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર ગુરુ શુક્રવાર 3, 12, 21, 30 તારીખે નવા કામ કરવાં. પીળો, જાંબલી અને સોનેરી રંગ વાપરતા રહેવું. જૂન-જુલાઈ રવિ-બુધવાર, 2, 11, 20, 29, તારીખે નવાં કામ ટાળવો. લાલ-નીલો રંગ ટાળવો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

શુક્રમેહ

પેશાબ સાથે ચીકણું પ્રવાહી નીકળે તેને ધાત તરીકે ઓળખાય છે. પાંચ એલચી, સેકેલી હિંગ 400 મીલીગ્રામ વાટી, ઘી નાખેલાં દૂધ સાથે લેવું. દશ દિવસ લેવું

અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

તેઓ શિવકુમારની તરફેણમાં સત્તા છોડવા તૈયાર ન હતા.

જ્યારે દિલ્હીમાં પાર્ટી હાઈકમાન્ડે તેમના પર દબાણ વધાર્યું ત્યારે સિદ્ધારમૈયાએ આ પદ માટે ત્રણ વૈકલ્પિક નામો સૂચવ્યાં હતાં. તેમની પ્રથમ પસંદગી દલિત સમુદાયના નેતા ડો. જી. પરમેશ્વર હતા. તેમની બીજી પસંદગી એમ. બી. પાટીલ હતા, જેઓ ભાજપના વરિષ્ઠ નેતા બી. એસ. યેદિયુરપ્પા પછી કર્ણાટકના સૌથી પ્રભાવશાળી લિંગાયત નેતાઓ પૈકીના એક ગણાય છે.

અને તેમની ત્રીજી પસંદગી સતીશ જારકીહોલી હતા, જેઓ વાલ્મીકિ નાયક સમુદાયમાંથી આવે છે.

સત્તાના ત્યાગ બદલ સિદ્ધારમૈયાની હાઈકમાન્ડ સમક્ષ રાજકીય માગણીઓ

જોકે, કર્ણાટકના પ્રભાવશાળી ઓબીસી નેતા અને વિદાય લઈ રહેલા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આખરે કોંગ્રેસ હાઈકમાન્ડના દબાણ હેઠળ સર્વોચ્ચ પદ પરથી રાજીનામું આપી દીધું છે, પરંતુ હવે તેઓ પોતાના આ ત્યાગ બદલ દિલ્હી પાસે રાજકીય વળતર માંગી રહ્યા છે.

OSM વિવાદ:...

ઉત્તરવહીઓ જ અરસપરસ બદલાઈ ગઈ હોવાની આશંકા દ્રઢ બની છે. પરિણામે, સિસ્ટમને સુધારવા માટે તાત્કાલિક ધોરણે IIT અને IIMના નિષ્ણાતોને સામેલ કરવા પડ્યા હતા. આ વહીવટી ફેરબદલ બાદ વિપક્ષે સરકાર પર પ્રહારો તેજ કર્યા છે. આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે એક્સ પર સવાલ ઉઠાવ્યો કે શું અધિકારીઓની બદલી પૂરતી સજા છે? બીજી બાજુ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે 'COEMPT' જેવી વિવાદાસ્પદ કંપનીને કોન્ટ્રાક્ટ આપવાની સંપૂર્ણ જવાબદારી શિક્ષણ મંત્રાલયની છે.

બારડોલી નજીક...

એક એસ.ટી. બસના ચાલકે પૂરઝડપે આવીને આગળ ચાલતા પાણીના ટેન્કરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે બસ ડિવાઈડર કૂદીને રોડની સામેની બાજુના ટ્રેક પર ઘસી ગઈ હતી. બરાબર એ જ સમયે સામેથી એટલે કે નવાપુર તરફથી બારડોલી આવી રહેલી મહારાષ્ટ્ર નિગમની જ બીજી બસ સાથે આ કાબૂ બહાર ગયેલી બસ સીધી ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર લાગતાની સાથે જ સામેથી આવતી બસ રોડની બાજુમાં આવેલા ખાડામાં ખાબકી હતી અને જોતજોતામાં તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ એટલી ઝડપથી ફેલાઈ કે મુસાફરોને બહાર નીકળવાની તક જ ન મળી.

આ ભયાનક અગ્નિકાંડમાં પાંચ મુસાફરો જીવતા ભુંજાયા હતા, જેમની લાશ ઓળખી ન શકાય તે હદે સળગી ગઈ છે. જ્યારે બસના ડ્રાઈવર સહિત અન્ય બે જણાને ગંભીર હાલતમાં બહાર કાઢી હોસ્પિટલ લઈ જવાઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં જ તેમણે દમ તોડ્યો હતો. આમ, આ દુર્ઘટનામાં કુલ ૭ લોકોનાં મોત નીપજ્યાં છે. મૃત્યુ આંક વધવાની શક્યતા છે. સ્થાનિક લોકો અને પસાર થતા વાહનચાલકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરીને અન્ય મુસાફરોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા ૪૨ જેટલા મુસાફરને સારવાર અર્થે બારડોલી, વ્યારા અને સુરતની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે નેશનલ હાઈવે નં.53 પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સુરત જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકે ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસના આદેશ આપ્યા છે.

અકસ્માતમાં ઇજાગ્રસ્ત...

- સોપાનદેવ નામદેવ (ઉ.વ. 40) - જલગાંવ
- સરલા સંતોષ જાદવ (ઉ.વ. 54)
- કિરીટ કાલુ ગામીત (ઉ.વ. 25)
- વસંત નવીન પટેલ (ઉ.વ. 42)
- રાજુ સુખદેવ સિરસાટ (ઉ.વ. 60)
- જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 33)
- રણવીર જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 7)
- મોહિત જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 51)
- જીતેન્દ્ર ભરત પાટીલ (ઉ.વ. 39)
- સુરેશ આત્મારામ પાટીલ (ઉ.વ. 68)
- કૃષ્ણા વી. થોરાટ (ઉ.વ. 69)
- દામોદર હીરાની પાઠક (ઉ.વ. 40)
- ગિરધર બાબુરાવ (ઉ.વ. 75)
- રાજેન્દ્ર ભીમરાવ મહાજન (ઉ.વ. 56)
- ઝુબેર ઝાકીર શેખ (ઉ.વ. 32)
- ગણેશ શિવાજી કુંભાર (ઉ.વ. 33)
- ઇશિકા ગણેશ કુંભાર (ઉ.વ. 34)
- માયા ગણેશ કુંભાર (ઉ.વ. 28)
- રામપ્રેમી રાજભર (ઉ.વ. 45)
- કવિતા અમૃત થોરી (ઉ.વ. 37)
- હર્ષરાજ હિંમત પવાર (ઉ.વ. 52)
- હંસરાજ ગુણવંત પવાર (ઉ.વ. 42)
- મુસરા હમદ પઠાણ (ઉ.વ. 24)
- હમાદ હમદ પઠાણ (ઉ.વ. 8)
- કમલ સુરલાલ મિસ્ત્રી (ઉ.વ. 55)
- દગડુ સોનુ માળી (ઉ.વ. 42)
- ચેતન નાના (ઉ.વ. 39)

ગુજરાતમાં...

ભારે ધૂળની ડમરીઓ ઊડતાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. વીજ કંપનીએ